ભારતીય રિઝર્વ બેંક/2006-07/173
ડીબીઓડી.નં.એલઈજી.બીસી.42/09.07.005/2006-07

10 નવેમ્બર, 2006

પ્રતિ,
તમામ અનુસૂચિત વાણિજ્યિક બેંકો
(પ્રાદેશિક ગ્રામીણ બેંકો સિવાય)

મહાશય,

ગ્રાહક સેવા - ડુપ્લીકેટ ડિમાન્ડ ડ્રાફ્ટ કાઢી આપવા બાબત.

તા.9 માર્ચ, 2000 નો અમારો પરિપત્ર ડીબીઓડી.નં.બીસી.147/09.07.007/99-2000, જુઓ. તેમાં બેંકોને, ગ્રાહકોને ડુપ્લીકેટ ડિમાન્ડ ડ્રાફ્ટ માટેની માગણી કરવાના પંદર દિવસની અંદર કાઢી આપવાની સલાહ આપવામાં આવી હતી. વળી, નિયત સમય ઉપરાંતના વિલંબ માટે બેંકોને આવા વિલંબ બદલ વળતર આપવા અનુરૂપ પાકતી મુદતની મુદતી થાપણ માટે લાગુ પડતા દરે વ્યાજ ચૂકવવાની સલાહ આપવામાં આવી હતી.

2. ઉપરના પરિપત્રમાં વપરાયેલ શબ્દ 'ગ્રાહક' ધ્યાનમાં રાખીને એવી કેટલીક શંકાઓ ઊભી કરવામાં આવી હતી કે બેંકોએ ફક્ત ખરીદનાર / લાભાર્થી અથવા ખરીદનાર કે લાભાર્થી સિવાયના દસ્તાવેજ ધરાવનારને જ પંદર દિવસની મુદત અંદર ડુપ્લીકેટ ડિમાન્ડ ડ્રાફ્ટ કાઢી આપવો જરૂરી છે કે કેમ.

3. આ સંબંધમાં, અમે ચોખવટ કરીએ છીએ કે 9 માર્ચ, 2000 ના અમારા પરિપત્રમાં ડુપ્લીકેટ ડિમાન્ડ ડ્રાફ્ટ કાઢી આપવા માટે નિયત કરેલ પંદર દિવસની મુદત ફક્ત ખરીદનાર કે લાભાર્થી દ્વારા ડુપ્લીકેટ ડિમાન્ડ ડ્રાફ્ટ માટે કરેલી વિનંતીને જ લાગુ પડશે અને તે ત્રાહિત વ્યકિતની સહીના કેસમાં લાગુ પડશે નહીં.

4. આ પત્ર મળ્યાની પહોંચ મોકલવા વિનંતી..

આપનો વિશ્વાસુ,

(પ્રશાંત શરણ)
પ્રભારી મુખ્ય મહાપ્રબંધક